સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

**૧૦ જુલાઈ - ૨૦૨૪**
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૭

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




## અનાવિલ સમાજ ની પ્રવૃતિઓ







tripoly
થઇ જાઓ તૈયાર અવે
યુરોપ વેકેશન
₹ ૧,૯૯,૯૯૯ /- થી શરૂ થાય છે
તમામ સમાવેશી પ્રસ્થાનો
ટોચની બ્રાન્ડેડ ૪ સ્ટાર હોટેલ્સમાં રહો
યુરોપિયન બ્લીસ
પ્રસ્થાન તારીખો: 18મી મે/22મી જૂન
મેજીકલ યુરોપ
પ્રસ્થાન તારીખ: 20મી મે/26મી જૂન
યુરોપિયન ડેલાઇટ્સ
પ્રસ્થાન તારીખો: 10મી જૂન
સ્પાર્કલિંગ યુરોપ
પ્રસ્થાન તારીખો: 12મી જૂન
ગ્રાન્ડ યુરોપ
યુરોપના અજાયબીઓ
યુરોપિયન ધમાકા
પ્રસ્થાન તારીખો: 11મી મે
યુરોપિયન ફ્યુઝન
રંગીલો યુરોપ
અધભુત યુરોપ
પ્રસ્થાન તારીખો: 20મી મે
યુરોસ્કેપ લેડીઝ સ્પેશિયલ
પ્રસ્થાન તારીખો: 5મી એપ્રિલ
+૯૧ - ૮૫૯૧૯૫૬૧૭૩
ઓફીસ નં.૧૧૨, ઓપલે સક્વેર આઇ.ટી. પાર્ક રોડ નં.૧૬, વાગલ ઇનડ્સ્ટ્રીયલ એસટ્ટે, પડવલ નગર, થાણ (વેસ્ટ), થાણા - ૪૦૦૬૦૪

## રુદ્રી કાર્યક્રમ

શ્રી અનાવિલ સમાજ મુંબઈ મહિલા સમિતિ આયોજિત રુદ્રી કાર્યક્રમ, રવિવાર તા. ૨૫.૦૮.૨૦૨૪ નાં રોજ બપોરે ૩.૦૦ કલાકે, ૨૧૫, મગન મહલ, મથુરાદાસ વસનજી રોડ, અર્સા હોટેલની પાછળ, કોર્ટ લેન, અંધેરી પૂર્વ, મુંબઈ. મુકામે યોજવામાં આવ્યો છે. સૌ જ્ઞાતિજનોને આ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા વિનંતી.

## શિવલિંગ દર્શન

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ દ્વારા ૩૧.૦૮.૨૪ અને ૧.૯.૨૪ને દિને દક્ષિણ ગુજરાતના પાંચ શિવલીંગના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલા તે પહેલા ધોરણે સમાજના કાર્યાલયમાં સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધીમાં શ્રીમતી પૂનમબેનના મોબાઈલ નં. +૯૧ ૯૧૩૭૧ ૨૧૬૭૮ પર નામ નોંધાવવા વિનંતી છે. પ્રવાસની વિગત જય અનાવિલના ઓગસ્ટ–૨૦૨૪ના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જ્યોતિલિંગ દર્શન માટે રૂ।. ૨૫૦૦/– વ્યકિત દીઠ આપવાનાં રહેશે.

મીનાક્ષીબેન, ગીતાબેન તથા અન્ય મહિલા સમિતિ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

---

શ્રી અનાવિલ સમાજ,મુંબઈના આગામી કાર્યક્રમો
**શરદોત્સવ કાર્યક્રમ**
ઓક્ટોબર ૨૦૨૪માં થનાર છે.
જેની વિગત આગામી અંકમાં પ્રસિદ્ધ થશે.

# અભિનંદન



મુંબઈના બિમલ અને મમતા દેસાઈના પુત્ર ઇશાન દેસાઈને મેનેજમેન્ટ એજ્યુકેશન માટેના અગ્રણી બિઝનેસ પબ્લિકેશન Poets & Quants દ્વારા વિશ્વના 2024 ના વર્ગના 100 શ્રેષ્ઠ અને તેજસ્વી (Best & Brightest MBA) એમબીએ વિદ્યાર્થી તરીકે નવાજવામાં આવ્યો છે. એને આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં એના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ફ્લોરનોય એ. કોલ્સ જુનિયર, એવોર્ડ અને એના વિદ્યાર્થી જીવનમા ઉત્કૃષ્ટ પ્રદર્શન, નેતૃત્વ અને સમાજ માટે યોગદાન માટે કોલેજ તરફથી ઓવેન સર્વિસ એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.

ઇશાને વેલોર ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (VIT) થી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી છે તેણે યુ.એસ.એ.ની પ્રતિષ્ઠિત વેન્ડરબિલ્ટ યુનિવર્સિટીની ઓવેન ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી એમબીએ પૂર્ણ કર્યું છે. ઇશાનને વિશ્વની અગ્રણી સ્ટ્રેટેજી કન્સલ્ટિંગ ફર્મ એલઈકે કન્સલ્ટિંગ દ્વારા અમેરિકાના શિકાગોમાં નિયુક્ત કરાયા છે.

# સાભાર – સ્વીકાર

## લાઈફ મેમ્બરશીપ ફંડ

| | | | |
|---|---|---|---|
| ૩૧.૫ | ભાવિકા વિકાસ દેસાઈ | ૪૨૭૧ | ૧,૦૦૦/– |
| ૧૫.૬ | કૃણાલ અશોક દેસાઈ | ૪૨૭૨ | ૧,૦૦૦/– |
| ૨૭.૬ | પ્રેમ કિરણ દેસાઈ | ૪૨૭૩ | ૧,૦૦૦/– |

## જય અનાવિલ ફંડ

| | | |
|---|---|---|
| ૨૮.૫ | રાજેશ દેસાઈ | ૧,૦૦૦/– |
| ૦૧.૬ | આશા પ્રતીક મહેતા | ૧,૦૦૦/– |
| ૧૦.૬ | દેવેન્દ્રા વાય. દેસાઈ | ૧,૦૦૦/– |

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

# સારંગપુર હનુમાન



રોજ રાત્રે ૭.૧૦ વાગે ઉપડતી ટ્રેન નંબર ૧૨૯૭૧ જે બાંદ્રા ટર્મિનસથી બોટાદ જંકશન લગભગ ૧૧ કલાકની મુસાફરી પછી બોટાદ જંકશન લગભગ ૧૧ કલાકની મુસાફરી પછી બોટાદ જંક્શનથી શેરે રિક્ષામાં ૩૦ રૂપિયા સીટના અથવા નગરપાલિકા બસમાં  રૂપિયા ૧૫માં સારંગપુર હનુમાન લઇ જાય છે. મંદિર પરિસરમાં ડાબી બાજુએ દુકાનો અને ખાવાની કેન્ટીન જ્યારે જમણી બાજુએ વ્હાઇટ હાઉસ જ્યાં એક દિવસ રહેવાનો ચાર્જ એસી રૂમ ૧૫૦૦ અને નોન એસીનાં ૮૦૦ રૂપિયામાં મળે છે. ચેક આઉટ સવારે ૧૦ વાગ્યાનો છે. બાજુમાં ગાર્ડન અને હનુમાનની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. આગળ જતાં કષ્ટભંજન હનુમાનજીનું મંદિર આવેલું છે. રોજના હજારો લોકો દર્શન માટે આવે છે અને આસ્થાથી શ્રીફળ, પેંડા વગેરેનો ભોગ ચડાવે છે અને ભોજનાલ્યમાં નિ:શુલ્ક પ્રસાદ ગ્રહણ કરે છે. ખરેખર અહિયા હનુમાનજીનાં દર્શનથી ભક્તોના કષ્ટ દૂર થાય છે. સારંગપુર હનુમાન મંદિર ભૂતપ્રેતની બાધા નિવારણ તથા આપણા શરીરમાંથી નકારાત્મક બાબત દૂર કરવા માટે પ્રખ્યાત છે. સ્વામી નારાયણ પરિસરમાં આ મંદિર આવેલું છે. જીવનમાં એકવાર તો આ તીર્થ સ્થળ પર યાત્રા કરવી જરૂરી છે. – મધુસૂદન દેસાઈ

સ્થાપના : ૧૮૯૯

# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

કરમુક્ત કલમ ૮૦-જી માન્ય

સમસ્ત વિશ્વના અનાવિલો માટે અનાવિલોની એક માત્ર સંસ્થા

૨૧૫, મગન મહાલ, એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯. ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
Email : jaianavilpub@yahoo.com ✦ Website : www.anavilsamaj.org

## જ્ઞાતિની પ્રથમ અનાવિલ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ, લાભાર્થીઓને સૂચના

### ૧. શૈક્ષણિક સહાય / લોન વ્યાજ યોજનાઓ :

દેશમાં સ્નાતક/અનુસ્નાતક માન્ય અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સહાય અને એન્જિનીયરીંગ, તબિબિ, વ્યાવસાયિક માન્ય અભ્યાસક્રમો માટે ફીની રકમની બેંક લોન પર વ્યાજ અભ્યાસક્રમ દરમ્યાન આપવામાં આવે છે.

અ) સ્વ. કુણાલ યોગેશ દેસાઈ ઉચ્ચ અભ્યાસ બેંક લોન વ્યાજ યોજના

બ) હસમુખરાય એમ. દેસાઇ એન્જિનીયર્સ લોન વ્યાજ / સ્કોલરશીપ ફંડ યોજના

ક) સ્વ. મણિભાઈ લલ્લુભાઈ વશી શિક્ષણ સહાય યોજના

ડ) શ્રી. શાંતિલાલ રતનજી દેસાઈ સ્કોલરશીપ યોજના

ઈ) સ્વ. કીકીબેન ધીરુભાઈ નાયક સંશોધાત્મક લોન વ્યાજ યોજના

ઈ) શ્રી નરેન્દ્ર એમ. નાયક (કોથાકર) (કેમીકલ) શૈક્ષણિક ફંડ

ઉ) ચાઈલ્ડ એડોપ્શન સ્કીમ (શિક્ષણ માટે)

ઊ) મીસીસ નર્ગેશ ખુરશેદજી ડેડી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ

### ૨. અસહાય મહિલા સહાય યોજનાઓ :

અસહાય મહિલાઓને આર્થિક સહાય નીચેની યોજનાઓ અંતર્ગત આપવામાં આવે છે.

અ) સ્વ. ઠાકોરભાઈ ગુલાબભાઈ મહેતા અસહાય મહિલા સહાય

બ) સ્વ. રૂક્ષ્મણીબેન મણીભાઈ વશી વિધવા સહાય ફંડ

ક) સ્વ. શ્રીમતી સુશીલાબેન દીનકરરાય દેસાઈ અનાવિલ મહિલા સ્વરોજગાર યોજના ફંડ

ડ) મીસીસ નર્ગેશ ખુરશેદજી ડેડી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ

### ૩. તબીબી સારવાર મદદ યોજનાઓ :

તબીબી સરવાર માટે આર્થિક મદદ આપવામાં આવે છે.

અ) શ્રીમતિ શીલાબેન શાંતિલાલ શાહ મેડિકલ રીલીફ ફંડ

બ) સ્વ. કીકીબેન ધીરુભાઈ નાયક તબીબી સારવાર લોન ફંડ

### ૪. શ્રીમતિ સુશીલાબેન નવનીતલાલ દેસાઇ મહિલા સ્વાશ્રય યોજના :

અસહાય મહિલાઓને ઈલેક્ટ્રીક સિલાઈ મશીન સ્વરોજગારી માટે આપવામાં આવે છે.

**૫. સ્વ. શ્રીમતિ સુરેખાબેન નટવરલાલ મહેતા કીડની ડાયાલીસીસ યોજના :**

જ્ઞાતિમાં મુંબઇ, વલસાડ, ગણદેવી, નવસારી, સુરત ખાતે ઠરાવેલ હોસ્પિટલમાં તથા ભારતભરમાં કીડની ડાયાલીસીસ સુવિધા વિના મુલ્યે આપવામાં આવે છે.

**૬. સ્વ. માસ્તર શ્રી લલ્લુભાઇ પી. નાયક, સ્વ. શ્રીમતિ મણીબેન એલ. નાયક, સ્વ. શ્રીમતિ મધુમાલતી જી. નાયક, સ્વ. શ્રી મનુભાઇ એલ. નાયક આંખ ઓપરેશન યોજના :**

જરૂરીયાતમંદ અનાવિલોને ખર્ચ સામે રાહત માટે મદદ આપવામાં આવે છે.

**૭ વિદ્યાર્થી હોસ્ટેલ :** મર્યાદિત હોસ્ટેલ સુવિધા મુંબઇ ખાતે ઉપલબ્ધ છે (માત્ર ૭ વિદ્યાર્થી પુરતું)

**વિદ્યાર્થીની હોસ્ટેલ :** મર્યાદિત હોસ્ટેલ સુવિધા કાંદિવલી પૂર્વ મુંબઈ ખાતે ઉપલબ્ધ છે. (માત્ર ૧૫ વિદ્યાર્થીની પુરતું)

**૮ મંગલમ્ પંચાગ :**

દિવાળી, નૂતન વર્ષ શુભેચ્છા મંગલમ્ પંચાંગ સભ્યોને, અનાવિલ સંસ્થાઓના પદાધિકારીઓને મોકલવામાં આવે છે.

**૯. જય અનાવિલ :**

છેલ્લા ૨૦ વર્ષથી સમાજનું માહિતીસભર મુખપત્ર જય અનાવિલ દર માસે સભ્યોને, વિના મુલ્યે મોકલવામાં આવે છે. જ્ઞાતિજનો/સંસ્થાઓને વિનંતી કે માહીતી, સમાચારો, જાહેરાતો મોકલવા.

પ્રવૃત્તિઓ અનુ. નં. ૧ થી ૭ નો લાભ ફક્ત આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને જ આપવામાં આવે છે. અરજદારોએ અનુક્રમાંક ૨ થી ૭ અરજીપત્રક મંગાવવા માટે પૂર્ણ નામ, ફોટા, સરનામા, ટેલી./મોબા. નંબર સાથે રૂા. ૫/- ની ટપાલ ટિકીટ ચોંટાડી કવર મોકલાવવા. અરજીમાં નામ, સરનામું, ગામ, ઉંમર, હેતુ વગેરે જણાવવું. ફોર્મ મેળવી, ભરીને સંસ્થામાં પરત કરવાની છેલ્લી તારીખ **તા.૩૧.૦૮.૨૦૨૪** છે. અનુ. નં. ૮ ના લાભ માટે કોઈ અપવાદ નથી. અનુક્રમાંક ૧ માટે આ સાથે અલગથી છાપેલ વિગત સાથે અરજી કરવી.

**કુલ સહાયની ૯૯% સહાય દ. ગુજરાતમાં જ્ઞાતિજનોને કરતા સમાજને જ્ઞાતિજનો, દાતાઓ, શુભેચ્છકોને ઉદાર દિલે દાનો આપવા વિનંતી.**

**શ્રી અનાવિલ સમાજ, મુંબઇની વધુ વિગત દરેક અંકમાં બેંક વિગત સાથે છાપવામાં આવે છે.**

**બીપીન નાયક** – મંત્રી **મધુસુદન દેસાઇ – સહમંત્રી**

# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

## અનાવિલ વિદ્યાર્થીઓની માટે શૈક્ષણિક સહાય, શૈક્ષણિક લોન અને વ્યાજની અરજી માં આપવાની વિગત

૧. અરજદારનું નામ (ફોટો ઓળખ પત્રની પ્રતિ મોકલવી)
૨. માતા અને પિતાનું પુરૂં નામ........................................
(જો હયાત ન હોય તો નામ આગળ સ્વ. લખવું)
૩. માતા/પિતા ન હોય તો વાલીનું નામ........................................
૪. વાલી સાથે અરજદારનો સંબંધ........................................
૫. દિવ્યાંગ અરજદારે વિગત જણાવવી અને સરકારી સર્ટીફીકેટ મોકલવું
૬. અરજીકર્તાનું સરનામું પીન કોડ સાથે
૭. અરજી કરનારના કુટુંબના સભ્યોની વિગત
   ૧. નામ........................................
   ૨. ઉંમર........................................
   ૩. અરજીકર્તા સાથેનો સંબંધ........................................
   ૪. હાલની પ્રવૃત્તિ (અભ્યાસ, નોકરી)........................................
   ૫. વાર્ષિક આવક........................................
   ૬. અરજદાર સાથે રહે છે કે નહી........................................
૮. કુટુંબની વાર્ષિક આવક (૨,૫૦,૦૦૦ થી ઓછી હોય તો આવકનો દાખલ મોકલવો)
૯. સંપર્ક માટેની વિગત
   ૧. ફોન નં.   ૨. મોબાઈલ નં.   ૩. ઈમેઈલ આઈડી
૧૦. અરજી કર્તાના રાષ્ટ્રિયકૃત બેંક એકાઉંટની વિગત
બેંકની પાસબુકના પહેલા પાનાની ઝેરોક્ષ કોપી અને એક રદ્દ કરેલ ચે /ઝેરોક્ષ મોકલવી
૧૧. વિદ્યાર્થીએ ૨૦૨૪માં પાસ કરેલ પરીક્ષાની વિગત : માર્ક શીટની કોપી, ગ્રેડ
૧૨. ૨૦૨૩-૨૪ વર્ષમાં કોલેજના જે અભ્યાસક્રમ માટે અરજી કરી છે તેની વિગત
સ્નાતક/ડીપ્લોમા વર્ષ (પ્રથમ/બીજો/ત્રીજો વિ.) સેમીસ્ટર અને ફીની વિગત આપવી
૧૩. શ્રી અનાવિલ સમાજ, મુંબઈના સભ્ય છો ?........................
જવાબ હા હોય તો સભ્યનું નામ........................................
અને સભ્ય ક્રમાંક નં........................
૧૪. સમાજ તરફથી ભુતકાળમાં સહાય મળી છે ?........................
જો સહાય મળી હોય તો વિગત આપવી કયાં વર્ષમાં અને કેટલી ?
૧૫. સમાજની અન્ય કોઈ સહાય માટે અરજી કરી હોય તો વિગત આપવી
૧૬. વિદ્યાર્થીએ અભ્યાસ દરમિયાન કોઈ ક્ષેત્રમાં મળેલ વિશેષ સફળતા એસ.એસ.સી અને ત્યાર પછી સફળતાની વિગત અને સર્ટીફીકેટની ઝેરોક્ષ આપો

૧૭. અરજદારની સહી અને તારીખ.........................

શૈક્ષણિક લોનના વ્યાજ માટે અરજી કરનારે વધારામાં નીચેની માહિતિ આપવી

૧૮. લોન મંજૂર કરનાર બેંક / સંસ્થાનું નામ અને વિગત

૧. લોન મંજૂર થયાની રકમ ૨. વ્યાજ દર ૩. લોન મંજૂરીનો પત્ર

૪. બેંક સ્ટેટમેન્ટ

ઉપરની વિગતો માટે નીચે જણાવેલ દસ્તાવેજોની કોપી મોકલવી

૧. લોન મંજૂરી પત્ર ૨. પાસબુક ૩. બેંક લોન સ્ટેટમેંટ ૪. વ્યાજ સર્ટીફીકેટ

૧૯. બેંક ખાતાની વિગત

એક રદ્દ કરેલ ચેક / પાસબુક / બેંક લોન સ્ટેટમેંટના પહેલા પાનાની ઝેરોક્ષ મોકલવી

૨૦. અરજદારની સહી અને તારીખ

ખાસ સૂચના :

૧. અરજદારે અરજી મોકલતા પહેલાં દરેક વિગત ભરી સહી કરી છે એની ખાતરી કરવી.

નીચેની વિગતો માટે કોપી મોકલી છે ?

અ) કોલેજ અથવા અન્ય ફોટો ઓળખપત્ર (આઇ.ડી. કાર્ડ) ની કોપી.

બ) કુટુંબની વાર્ષિક આવક રૂ. ૨,૫૦,૦૦૦ થી ઓછી હોય તો આવકનું પ્રમાણપત્ર

ક) રાષ્ટ્રિયકૃત (Nationalised) બેંકની પાસબુકના પહેલા પાનાની અને ચેકની ઝેરોક્ષ

ડ) ગયા વર્ષે પાસ કરેલ પરીક્ષાની વિગતો દર્શાવતી માર્કશીટની કોપી

ચ) ચાલુ વર્ષ ૨૦૨૪માટેના અભયાસક્રમની બોનાફાઇડ સર્ટીફીકેટ

છ) ફી રસીદની કોપી (છેલ્લી)

જ) દિવ્યાંગ હોય તો સર્ટીફીકેટની કોપી

ઝ) ખાસ સફળતા મેળવી હોય તો તે માટેના સર્ટીફીકેટની કોપી.

૨ મોકલેલ બધા જ દસ્તાવેજો (કોપી) પર અરજદારે <u>જાતે તારીખ સાથે સહી કરવી.</u>

૩ અરજદારે પોતાના સરનામાવાળા બે પોસ્ટકાર્ડ મોકલવા

૪ અધુરી અરજી સ્વીકાર કરવામાં આવશે નહિ.

૫ આ ફોર્મ માત્ર ડીપ્લોમા અને ધોરણ ૧૨ પછી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે છે.

૬ અરજી નીચેના સરનામે ૩૧ ઓક્ટોબર ૨૦૨૪સુધીમાં પહોંચતી કરવી.


**શ્રી અનાવિલ સમાજ, મુંબઇ**

૨૧૫, મગન મહાલ, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઇ – ૪૦૦ ૦૬૯.

ફોન : ૦૨૨–૩૫૪૧ ૮૬૮૧ Email : Jaianavilpub@yahoo.com


**નોંધ : વર્ષ ૨૦૨૪ પહેલાનું પ્રમાણપત્ર આપ્યું હોય એમણે વર્ષ ૨૦૨૪ની આવક સાથે સહી કરીને મોકલવું. ઉપરની સર્વ વિગતો મોકલાવશો.**

# બેસ્ટ ફાર્મર એવોર્ડ – ખેતી બેંક મેળવતાં નવસારીના ખેડૂત મુકેશ નાયક

નવસારી,અમદાવાદ પંડીત દિનદયાળ ઉપાધ્યાય હોલમાં સોમવારે ધી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેંક લિ.ની ૭૨મી વાર્ષિક સાધારણ સભા તથા પ્રાકૃતિક ખેતી પરિસંવાદનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યના રાજ્યપાલ– આચાર્ય દેવવ્રત બિરાજ્યા હતા. તેઓ પ્રાકૃતિક ખેતી હિમાયતી અને પુરસ્કરતા છે. આ પ્રસંગે નવસારીના મૂળ આમરી ગામના વતની અને હાલ નવસારીમાં સ્થાયી થયેલા તથા કૂરેલ ગામમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત મુકેશભાઈ મોહનભાઈ નાયકને રાજ્યપાલના હસ્તે શાલ ઓઢાડી તથા પ્રશસ્તિપત્ર એનાયત કરી, ખેતી બેંક–બેસ્ટ ફાર્મર એવોર્ડ–૨૨૦૪થી નવાજવામાં આવ્યા હતા.






શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ને દાન માટે બેંક ઓફ ઇન્ડિયા નાં બાજુમાં દર્શાવેલ ફોટોને સ્કેન કરો.

**A/c. No.**
**BOI 009010100005414**

# અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| સુરત | સ્વ. હરીશભાઈ દોલતભાઈ દેસાઈ | ૦૧.૦૬.૨૪ |
| ભગોદ | સ્વ. ઠાકોરભાઈ ભીમભાઈ દેસાઈ | ૦૫.૦૬.૨૪ |
| હનુમાન ભાગડા | ડો.સ્વ.દીપકભાઈ હરીપ્રસાદ દેસાઈ | ૦૪.૦૬.૨૪ |
| નીયોલ | સ્વ. ધર્મેશભાઈ વીક્રમભાઈ દેસાઈ | ૦૯.૦૬.૨૪ |
| વેસુ | અ.સૌ.સ્વ.મીનાબેનનરેશચંદ્ર દેસાઈ | ૦૮.૦૬.૨૪ |
| સુરત | સ્વ.અનીલાબેન રાજેન્દ્રભાઈ દેસાઈ | ૦૮.૦૬.૨૪ |
| વલસાડ | સ્વ. શરદચંદ્ર ચંદુલાલ દેસાઈ | ૧૦.૦૬.૨૪ |
| અંધેરી | સ્વ. બીપીનભાઈ હરીપ્રસાદ મલીયા | ૧૨.૦૬.૨૪ |
| બીલીમોરા | સ્વ. સુકન્યાબેન રણજીતભાઈ દેસાઈ | ૧૩.૦૬.૨૪ |
| અમલસાડ | સ્વ. ડૉ.દીલીપભાઈ રઘુનાથજી નાયક | ૧૯.૦૬.૨૪ |
| | અ.સૌ.સ્વ.ભારતીબેન સુધીરભાઈ દેસાઈ | ૨૨.૦૬.૨૪ |
| અદાજણ | સ્વ.નરેન્દ્રભાઈ ધીરજલાલ દેસાઈ (બીએઆર.સી) | ૨૧.૦૬.૨૪ |
| વલસાડ | સ્વ. શારદાબેન બળવંતભાઈ દેસાઈ | ૨૧.૦૬.૨૪ |
| કાંદીવલી | સ્વ. મેહુલ જીતેન્દ્ર દેસાઈ | ૨૫.૦૬.૨૪ |
| પાથરી–વલસાડ | સ્વ. મગનભાઈ વલ્લભભાઈ નાયક | ૨૭.૦૬.૨૪ |



ડો.અનુજા દેસાઈ

# અભિનંદન

એક્ઝિક્યુટિવ ડિરેક્ટર–હેડ, ઓપ્થોલ્મોલોજી–કેજી હોસ્પિટલ

માનવ જીવનમાં જેટલું હૃદયનું મહત્વ છે તેટલું જ મહત્વ આંખને આપવું જરૂરી બન્યું છે. આંખના નંબર આવવાએ કોઇ ગંભીર રોગ નથી પરંતુ સમયસર તપાસ જરૂરી છે. ગુજરાતમાં એકમાત્ર કે. ડી. હોસ્પિટલમાં ઓપ્થોલ્મોલોજી વિભાગે સ્માઇલ પ્રો જર્મન ટેકનોલોજીને અપનાવી જે દેશમાં માત્ર ૧૪ જગ્યાઓ પર જ ઉપલબ્ધ છે અને આ ટેકનોલોજી દ્વારા માત્ર ૧૦ સેકન્ડમાંજ આંખના નંબરને દૂર કરી શકાય છે અને બીજા દિવસથી રૂટીન કાર્ય પણ શરૂ કરી શકાય છે.

# અભિનંદન – Kalla 88 ડાન્સ ગ્રુપ




નેહા દેસાઈ અને તેમના સહકલાકારો મિત્રોની મહેનત અને સાથ સહકાર થી અખિલ નટરાજમ આંતર સાંસ્કૃતિક સંઘ (ANASS) દ્વારા આયોજિત An International Dance Competition & Festival (ભારત નૃત્ય મહોત્સવ) ગોવા, માં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરી હતી. (૧) સેમી કલાસીકલ ડાન્માં Runner Up Award (૨) નેહા હિરેન દેસાઈ સોલો ભરતનાટયમ્ ડાન્સ માટે તેઓને નૃત્ય ભારતી Award થી સન્માનિત કરવામાં આવ્યાં.

## અભિનંદન

અત્યંત આનંદની લાગણી સાથે જણાવવાનું કે શ્રી અનંત અંબાણી (રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસ લિમિટેડ, મુંબઈ)ના લગ્ન નિમિત્તે શ્રી તડકેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ ને રૂા. ૫૧૦૦૦૦૦/– (રૂપિયા એકાવન લાખ)નું અને કસ્તુરબામા હોસ્પિટલ–વલસાડમાં રૂા. ૧,૫૧,૦૦૦૦૦/– (એક કરોડ એકવાન લાખ)નું દાન આપવાનું નક્કી કરવામાં આવ્યું.

આ દાનની રકમ ગિરીશભાઈ ઠાકોરભાઈ વશી–વલસાડ અબ્રામાની નિવાસીના સહયોગથી પ્રાપ્ત થયું છે.

શ્રી તડકેશ્વર દાદા શ્રી ગિરીશભાઈ અને શ્રી અંબાણી ફેમીલી ઉપર આશીર્વાદના અમી છાંટણા વરસાવતા રહે એવી પ્રાર્થના.

# નૃત્ય = નૃત્ત + નાટય

નૃત્ય એટલે સાધના-આરાધના શક્તિ-ભક્તિ, શાંતિ-ઉર્જા- સાંસ્કૃતિક વૈવિધ્યને હાવભાવ સાથે વર્ણનના નૃત્ય જેવું અસરકારક કોઇ માધ્યમ નથી.

આત્મીયતા, આધ્યાત્મિકતાથી અને આનંદમય થતું નૃત્ય જ્યારે શિસ્તબધ્ધ, નીતિ-નિયમોથી કરવામાં આવે ત્યારે તે શાસ્ત્રીય નૃત્ય કહેવામાં આવે છે.

ભારતમાં મુખ્યત્વે ૮ શાસ્ત્રીય નૃત્ય છે. ભરતનાટયમ, કથક, કથકલી, ઓડિસી, મણીપુરી કુચીપુડી, મોહિનીઅટ્ટમ, સદારીયા... આ બધા જ નૃત્યમાં કઇ કેટલાય સ્ટેપ્સ, (Footwork) હજારો મુદ્રાઓ અને તેનો ઉપયોગ હાવભાવ, નવરસનું અધ્યન કરવામાં આવે છે. આ તાલીમ એક-બે વર્ષની નહિ પણ ૭ વર્ષની હોય છે. એટલે કે શાસ્ત્રીય નૃત્યકારની ૭ વર્ષની તપસ્યા હોય છે.

હવે આ આધુનિક યુગમાં યુવાપેઢીઓ આ આપણી ભારતીય સંસ્કૃતિથી વિમુખ થતી જાય છે. બોલીવુડ ડાન્સ તરફ વળી રહી છે. તેઓને ૭ વર્ષમાં નહી પણ શોર્ટટમ ૬-૭ મહિના થતા નૃત્યઅભ્યાસમાં રસ વધુ થતો જાય છે. હું આ નૃત્યનો વિરોધનથી કરતી પણ આપણા ભારતીય સંસ્કૃતિ જે આપણી ઘરોહર છે એને જાણાવાનો પ્રયત્ન કરું છું. અહીં યુવાપેઢીઓને આ બાબતનું જ્ઞાન આપણે જ આપવું રહ્યું.

સદ્‌નબીસે ક્લાસિક નૃત્યને આગળ લાવવા કેટલીક સાંસ્થાઓ આગળ આવી National An International Compition) રાખે છે. જેથી કેટલાંય જુદા જુદા રાજ્યોમાંથી ઘણી મોટી સંખ્યામાં કલાકારો અને કલાગુરુઓ આવે છે. અને પોતાની કલાનું આદાન પ્રદાન થાય છે. નવી નવી નૃત્ય અને લોકનૃત્યોનો

અભ્યાસ થાય છે. નવું શીખવાનું મળે છે. હું પણ ભઆરતીય સંસ્કૃતિના ઘરોહર એવા શાસ્ત્રીય નૃત્ય અને લોકનૃત્યને સંભાળવાનો નાનો પ્રયત્ન કરી રહું છું.

આ પ્રયત્નના ભાગરૂપે મે Kalaa-88 ડાન્સગ્રુપ બનાવીયું, જેમા મારા જેવી મધ્યમવયની (૪૦ થી ૫૦ વર્ષની) બહેનો સાથે નૃત્યરૂપી ભાથુ વહેંચવાનો મોકો મળ્યો. મારો નૃત્ય શીખવવાનો મુખ્ય હેતુતો હતો જ પણ મારો બીજો હેતુ એ પણ હતો કે જે બહેનો બાળપણમાં નૃત્ય શીખવું હતું પણ માતા–પિતાની મનાઇથી સમાજનાડરથી, આર્થિક સંકળામણથી, તેઓ શીખી ન શક્યા. કેટલીક બહેનો ભણતર, લગ્ન, અને કૌટુંબીક જવાબદારીના કારણે પોતે ઉડાન ન ભરી શક્યા.

આવી સાથી કલાકાર બહેનોનું હું તેમના ઉડાન માટે આશાની પાંખ બની શકું એવા આશયથી આ ડાન્સ ગ્રુપ બનાવવામાં આવ્યું છે આજે ૧૦ થી ૧૨ કલાકાર મિત્રોનું આ ગ્રુપ વધુને વધુ વિસ્તરણ પામે અને એકતાના પ્રતિક સમાન બને. આપણી ભારતીય સંસ્કૃતિને જાણવામાં એકજુટ થઇએ અને યુવાપેઢીને પ્રોસ્તાહિત કરી જોડાવાનો પ્રયત્ન કરીએ. યુવાકલાકારો પણ જોડાશે તો સોનામાં સુગંધ ભળશે...

આપણે આવનાર યુવાપેઢીને ધન–દોલત, જમીન–જાગીર આપીએ છીએ તેમ નૃત્ય અને સંગીત, ચિત્રોની આપણી ભારતીય સંસ્કૃતિની પુંજી પણ તેઓને આપતા જઇએ.

ખુબ ખુબ આભાર અનાવિલ સમાજ– મુંબઈ જેમણે મારા કાર્ય બિરદાવી લેખ લખવા માટે પ્રેરિત કર્યા. ખુબ ખુબ હૃદયપૂર્વક આભાર.

-નેહા હિરેન દેસાઈ, બોરિવલી–પશ્ચિમ

# તા. ૦૬.૦૭.૨૦૨૪ થી તા. ૦૪.૦૮.૨૦૨૪ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૦    ૐ હૈ હ્રીં શ્રી ક્લી    જુલાઈ ૨૦૨૪

* શુભ દિવસ    શુ ભ   અષાઢ સુદ   લા ભ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૦૮   શ્રી મંગલમ્   સૂ.અ.૧૯.૧૮ |
|---|---|---|---|---|
| ૧ | શનિ | ૬ | પુન. | કચ્છી નવું વર્ષ ૨૦૮૧ પ્રારંભ (ચંદ્ર-કર્ક : ૨૨.૩૫) |
| *૨ | રવિ | ૭ | પુષ્ય | ચંદ્ર દર્શન, રથયાત્રા |
| ૩ | સોમ | ૮ | આશ્લે. | તૃતીયા વૃદ્ધિ તિથિ, મોહરમ, શ્રી મથુરેશજી (મુંબઈ)નો ઉ. |
| ૩ | મંગળ | ૯ | આશ્લે. | વિનાયક ચતુર્થી, અંગારક યોગ (ચંદ્ર-સિંહ : ૭.૫૩) |
| ૪ | બુધ | ૧૦ | મઘા | – |
| *૫ | ગુરૂ | ૧૧ | પૂ. ફા. | સ્કંદ પંચમી, શ્રી દ્વારકાધિશજી (કાંકરોલી)નો પાટોત્સવ, શ્રી વલ્લભાચાર્ય વૈકુંઠગમન (ચંદ્ર-કન્યા : ૧૯.૪૯) |
| *૬ | શુક્ર | ૧૨ | ઉ. ફા. | કસુંબા છઠ્ઠ, લક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ, વિવસ્ત સપ્તમી |
| ૭ | શનિ | ૧૩ | હસ્ત | – |
| *૮ | રવિ | ૧૪ | ચિત્રા | દુર્ગાષ્ટમી (ચંદ્ર-તુલા : ૮.૪૪) |
| ૯ | સોમ | ૧૫ | સ્વાતિ | હરિ જયંતી, ભડલી નોમ |
| ૧૦ | મંગળ | ૧૬ | વિશાખા | વૈધૃતિ મહાપાત ૧૧.૦૭ થી ૧૬.૫૩, સંક્રાંતિ પુણ્યકાળ સૂ. ઉ. થી ૧૧.૨૦, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૧૯.૫૨) |
| ૧૧ | બુધ | ૧૭ | અનુરાધા | દેવશયની એકાદશી (દ્રાક્ષ), પંઢરપુર યાત્રા, ચાતુર્માસ પ્રા., સૌરાષ્ટ્રમાં મોળાકાત પ્રા., મોહરમ-તાજીયા, વિંછુડો |
| ૧૨ | ગુરૂ | ૧૮ | જયેષ્ઠા | વામન પૂજા, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૨૭.૨૬) |
| ૧૩ | શુક્ર | ૧૯ | મૂળ | પ્રદોષ, ગુજરાતમાં મોળાકાત-જયા પાર્વતી વ્રતારંભ, સૂર્ય પુષ્યમાં ૨૩.૧૧, વાહન દેડકો, સ્ત્રી. પુ., ચં. સૂ. |
| ૧૪ | શનિ | ૨૦ | પૂ. ષા. | વ્રતની પૂનમ, કોકીલા વ્રતારંભ |
| *૧૫ | રવિ | ૨૧ | ઉ. ષા. | અષાઢી / ગુરૂ પૂર્ણિમા, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ, સંન્યાસીના ચાતર્માસ પ્રા. (ચંદ્ર-મકર : ૭.૨૮) |
| *૧ | સોમ | ૨૨ | શ્રવણ | સૌરાષ્ટ્રમાં મોળાકાતના પારણા, હિંડોળા પ્રારંભ |
| ૨ | મંગળ | ૨૩ | ધનિષ્ઠા | ગુજરાતમાં જયા પાર્વતી વ્રત / મોળાકાતનું જાગરણ, પંચક પ્રારંભ (ચંદ્ર-કુંભ : ૯.૨૧) |
| ૩ | બુધ | ૨૪ | શત. | ચતુર્થી ક્ષય તિથિ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૧.૪૮, ગુજરાતમાં મોળાકાત / જયા પાર્વતી વ્રતના પારણા, પંચક, શ્રી ગોકુલચંદ્રમાજી (ગોકુલ)નો પાટોત્સવ |
| *૫ | ગુરૂ | ૨૫ | પૂ. ભા. | પંચક (ચંદ્ર-મીન : ૧૦.૪૬) |
| *૬ | શુક્ર | ૨૬ | ઉ. ભા. | પંચક, અમૃતસિદ્ધિ યોગ ૧૪.૩૧ થી સૂ. ઉ. |
| *૭ | શનિ | ૨૭ | રેવતિ | પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૩.૦૦) |
| ૮ | રવિ | ૨૮ | અશ્વિની | કાલાષ્ટમી, વ્યતિપાત મહાપાત ૨૦.૧૧ થી ૨૪.૫૪, જન્માષ્ટમીની વધાઈનો પ્રા., શ્રી યદુનાથજી (સુરત)નો ઉ. |
| ૯ | સોમ | ૨૯ | ભરણી | – (ચંદ્ર-વૃષભ : ૧૬.૪૭) |
| ૧૦ | મંગળ | ૩૦ | કૃતિકા | શ્રીનાથજીનો હાંડી / શ્રી ગોવર્ધનેશજી મહારાજનો ઉત્સવ |
| *૧૧ | બુધ | ૩૧ | રોહિણી | કામિકા એકાદશી (ગૌદૂધ), શુક્ર સિંહમાં ૧૪.૩૫ (ચંદ્ર-મિથુન : ૨૨.૧૬) |
| *૧૨ | ગુરૂ | ૧ | મૃગ. | ઓગષ્ટ : પ્રદોષ, લોકમાન્ય તિલક પુણ્ય તિથિ |
| ૧૩ | શુક્ર | ૨ | આર્દ્રા | શિવરાત્રિ, શ્રી બાલકૃષ્ણલાલજી (કાંકરોલી)નો ઉત્સવ, સૂર્ય આશ્લેષામાં ૨૨.૦૭, વાહન ગધેડો, સ્ત્રી. સ્ત્રી., ચં. ચં. (ચંદ્ર-કર્ક : ૨૯.૪૨) |
| ૧૪ | શનિ | ૩ | પુન. | – |
| ૩૦ | રવિ | ૪ | પુષ્ય | દર્શ/હરિયાળી અમાવસ્યા, દિવાસાનું જાગરણ, દિપ પુજા |

## તમારી તમામ નાણાંકીય જરૂરીયાતોનો
## માત્ર એક છત્ર હેઠળ ઉપાય છેલ્લા ૩૫ વર્ષથી...




રિટાયરમેન્ટ પ્લાનિંગ | એસઆઈપી પ્લાનિંગ
પોર્ટફોલિયો સંચાલન સેવા | ઇક્વિટી એસઆઈપી
માસિકઆવકનું આયોજન | આઈ પી ઓ | ધ્યાન આધારીત નાણાંકીય આયોજન

# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

**મુંબઈ** : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઈ–૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

**નવસારી** : જી–૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી–૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

**સુરત** : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

**E-mail : difcoinv@gmail.com**

## શુભેચ્છક

# હરકયુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

**ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬**
**ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩**

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

- ✤ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી) ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
- ✤ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.



- ✤ ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.
- ✤ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
- ✤ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં,૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

**સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી**

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/–



ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો માટે લેટેસ્ટ ટોપકોન, ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન) મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ માં ઉપલબ્ધ

## સૌજન્ય દાતા - જય અનાવિલ



**સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.**

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. – તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-

તંત્રી શ્રી મધૂસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ
હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેકટરીની સામે,
અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૧૦૧.

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩